# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CM – VIBRANT GUJ. GLOBAL SUMIT

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત નવી દિલ્હીમાં વિશ્વના દેશોના રાજદ્વારીઓ  સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેઠક કરી હતી.

આગામી ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ થનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ અંતર્ગત રાજ્ય સરકારે નવી દિલ્હીમાં આજે રાજદ્વારી બેઠકનું આયોજન કર્યું હતું.

શ્રી પટેલ અને વિદેશમંત્રી ડો.એસ.જયશંકરની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ઇન્ડોનેશિયા, જાપાન, ફ્રાન્સ, અલ્જેરિયા, બેલ્લારૂસ, આર્જેન્ટિના, બ્રાઝિલ, યુ.એ.ઇ, ઇજીપ્ત, વિયેતનામ, વેનેઝુએલા, મોરોક્કો, ઓમાન, ફિનલેન્ડ, હંગેરી, કોરિયા, રવાન્ડા, નૌરૂ, મોઝામ્બિક સહિતના દેશોના રાજદ્વારીઓ સહભાગી થયા હતા.

આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી પટેલે છેલ્લા બે દાયકામાં ગુજરાતે 55 બિલિયન અમેરિકન ડોલરનું રોકાણ મેળવ્યું  હોવાનું જણાવ્યું હતું.  આ સાથે તેમણે રોડ, રેલવે, બંદર અને હવાઇ જોડાણને કારણે ગુજરાતની પહોંચ દેશમાં જ નહીં,  પરંતુ એશિયા, આફ્રિકા, મિડલ ઇસ્ટ અને યુરોપીય દેશોના બજારો સુધી પહોંચી હોવાનું જણાવ્યું હતું. તેમણે રાજ્યના ઉદ્યોગોને વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બનાવવાનો ગુજરાત સરકારનો ઉદ્દેશ્ય હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# 'Vibrant Gujarat - Vibrant District

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે રાજ્યમાં બીજી ઓક્ટોબરથી 31 ઓક્ટોબર સુધી 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા છે. આ દરમિયાન યોજાનારા એક્ઝિબિશનમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ- ODOP હેઠળ દરેક જિલ્લામાંથી પસંદ કરાયેલ પ્રોડક્ટને અગ્રતા આપવામાં આવશે.

૯મી ઓક્ટોબરે મોરબી જીલ્લામાં રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ મોરબી' કાર્યક્રમ યોજાશે. જે માટે મોરબી જિલ્લામાંથી ODOP હેઠળ સિરામિક ટાઇલ્સ અને સેનિટરી વેરની પસંદગી કરવામાં આવી છે. મોરબી જિલ્લો ભારતનું સિરામિક હબ બન્યું છે. સિરામિક ટાઇલ્સ, સેનિટરી વેર, ઔદ્યોગિક અને તકનીકી સિરામિક્સના એક હજારથી વધુ ઉત્પાદન એકમો સાથે મોરબી ભારતમાં સિરામિક ઉત્પાદનોના બજાર હિસ્સામાં ૭૦ ટકા ભાગ ધરાવે છે. અને અંદાજે 4 લાખ લોકોને રોજગાર આપે છે.

-------------------------------------

# BHAVNAGAR-SEVA PAKHAVADA

ભાવનગર જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા 129 ગામમાં ૧૦૦ ટકા ‘આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ’ ‘આભા’ આઇ.ડી. જનરેટ કરવામાં

આવ્યા છે, તેમજ ૨૩ જેટલા ગામોમાં "આયુષ્માન ગામ"ના માપદંડો હાંસલ કરાયા છે. આ સિદ્ધિ બદલ કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ભાવનગર આરોગ્ય વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા છે. દરમિયાન જિલ્લામાં “સેવા પખવાડીયા" અંતર્ગત 520 લોકોએ અંગદાનનો સંકલ્પ લીધો હતો.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીએ જણાવ્યુ કે 'આયુષ્માન ભવ' અભિયાન અંતર્ગત રક્તદાન કેમ્પમાં ૧૭૪ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતુ.

. . . . . . . . . . . . . . . . .

# SABARKANTHA-PRAKRUTIK KHETI

સાબરકાંઠા જિલ્લાના સાબલવાડ ગામ ખાતે 'આપણો તાલુકો બાગાયત તાલુકો” અંતર્ગત બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ યોજાઇ હતી.

જેમાં મદદનીશ બાગાયત નિયામક જે. એમ. પટેલે પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત તેમજ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. પ્રાકૃતિક ખેતીમાં ઘન જીવામૃત, જીવામૃત, બીજામૃત કઈ રીતે બનાવવું તેની પ્રત્યક્ષ સમજણ આપવામાં આવી હતી.

આ તાલીમમાં ઈડર તાલુકાના ૯૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હોવાનું અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારાએ જણાવ્યું હતું.

------------------------

# BINHARIF VARNI-AMRELI

ઇફ્કોના ચેરમેન દિલીપભાઇ સંઘાણીની રાયફીસેન યુનિયનના સદસ્ય તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

૩૩ દેશોમાં કાર્યરત રાયફીસેન યુનિયનના બોર્ડ સદસ્ય તરીકે દિલીપ સંઘાણીની વરણી  અંગે તેમણે સૌનો આભાર વ્યકત કરતાં આ સહકારી ક્ષેત્ર ઘણી આશાઓ ધરાવે છે. જે સૌના સહકારથી પુર્ણ થશે, તેમ જણાવ્યું હતું. તેમણે દેશના આર્થિક અને સાર્વજનિક વિકાસમા સહકાર અગ્રીમ ભુમિકા પર હોવાનું વધુમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAMAN-SANKLP SAPTAH

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં દમણવાડા ગ્રામ પંચાયત દ્વારા સંકલ્પ સપ્તાહમાં  શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. બાલ ગંગાધર તિલક શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં પંચાયત રાજ સચિવ ગૌરવ સિંહ રાજાવત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .

# KHEL MAHAKUMBHA REGISTRATION

પોરબંદર જિલ્લામાં ખેલ મહાકુંભના બીજા તબક્કા માટેની વિવિધ સ્પાર્ધાઓમાં ૭ હજાર ૨૫૮ ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યું છે તે ઉપરાંત ખેલ મહાકુંભ અંગે રજીસ્ટ્રેશન માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરાયુ હતું.

અમારા પોરબંદરના પ્રતિનિધિ મહેશ લૂકકાએ જણાવાયું છે કે ખેલ મહાકુંભના બીજા તબક્કા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ છે. જેમાં શાળાકક્ષાથી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધાઓમાં પોરબંદર જીલ્લાની તમામ શાળાઓનું ૧૦૦ ટકા રજીસ્ટ્રેશન થાય તેવા હેતુથી જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા ખેલ મહાકુંભ રજીસ્ટ્રેશન માર્ગદર્શન શિબિર" નું આયોજન કરાયુ હતું.

આ બેઠકમાં વિવિધ શાળાઓના વ્યાયામ શિક્ષકઓ ઉપસ્થિત રહ્યા હતા અને અલગ અલગ કક્ષાએ યોજાનાર વિવિધ રમતની સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ખેલાડીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગેની તમામ માહિતી આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .